# ગણેશોત્સવ હવે રાષ્ટ્રીય ઉત્સવ બની ગયો છે : રાજ્યપાલ





ગાંધીનગર, તા. ૨૬

ગણેશોત્સવ હવે માત્ર ધાર્મિક ઉત્સવ ન રહેતાં રાષ્ટ્રીય ઉત્સવ બની ગયો છે. ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીજીએ ગાંધીનગરમાં ૪૮મા સાર્વજનિક ગણેશોત્સવનો શુભારંભ કરાવતાં જણાવ્યું હતું કે, આઝાદી કાળમાં લોકનેતા શ્રી બાળ ગંગાધર તિલકે લોકોમાં રાષ્ટ્રીય ભાવના, રાષ્ટ્રીય ચેતના અને ઉત્સાહનો સંચાર કરવા ગણેશોત્સવને રાષ્ટ્રીય ઉત્સવનું રૂપ આપ્યું, ત્યારથી ગણેશોત્સવ ઉત્સાહ-ઉલ્લાસ અને ઉમંગથી ઉજવાતો રાષ્ટ્રીય ઉત્સવ બની રહ્યો છે.

સમાજમાં કોઈ પણ મંગલ કાર્યનો આરંભ ભગવાન શ્રી ગણેશજીના સ્મરણ સાથે થાય છે. ગણેશોત્સવ સમગ્ર દેશમાં ઉજવાય છે, પરન્તુ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેનું વિશેષ મહાત્મ્ય છે. ગાંધીનગરમાં સતત ૪૭ વર્ષોથી સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે સાર્વજનિક ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી થાય છે, તે માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીજીએ ભગવાન શ્રી ગણેશજી સહુનું, સમાજનું અને રાષ્ટ્રનું મંગલ કરે, કલ્યાણ કરે એવી પ્રર્થના કરી હતી. શ્રી ગણેશજીની આરતી ઉતારીને-મંગલ દીપ પ્રગટાવીને તેમણે સાર્વજનિક ગણેશોત્સવનો શુભારંભ કરાવ્યો હતો.

ગુજરાતની સ્થાપના થઈ અને પાટનગર તરીકે ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યું ત્યારથી; એટલે કે ૪૭ વર્ષોથી ગાંધીનગરમાં સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ ઉજવાય છે. ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષ શ્રી નિશિત વ્યાસે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, તમામ સમાજના, વર્ગોના લોકો ધ્વારા ભાઈચારાથી ગાંધીનગરમાં ગણેશોત્સવની ઉજવણી કરાય છે. આજે આ ઉત્સવ ગાંધીનગરનો લોકોત્સવ બની ગયો છે, તેમણે આ પ્રસંગે ગાંધીનગરમાં અને ગુજરાતમાં સદાય સુખાકારી જળવાઈ રહે એવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.

ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અને ગણેશોત્સવ સમિતિના ઉપાધ્યક્ષ શ્રી અરૂણભાઈ બુચે આ પ્રસંગે જણાવ્યું કે, ગાંધીનગરના સાર્વજનિક ગણેશોત્સવનો શુભારંભ ૪૭ વર્ષોથી નામદાર રાજ્યપાલશ્રીના હસ્તે જ થાય છે. શ્રી ઓ.પી. કોહલીજીએ ૪૮મા વર્ષે આ પરંપરા જાળવી રાખીનો ગાંધીનગરના આ મહોત્સવની ગરિમા વધારી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ગાંધીનગમાં અત્યારે વટવૃક્ષ બનીને વ્યાપ્ત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પાયામાં ગાંધીનગરનો સાર્વજનિક ગણેશોત્સવ છે. ગાંધીનગરના સ્થાપનાકાળથી સાસ્કૃત્તિક પ્રવૃત્તિઓની શરૂઆત આ ઉત્સવની ઉજવણીથી થઈ છે. તેમણે સહુનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી સતીશભાઈ પટેલ, ગાંધીનગરના અગ્રણીઓ શ્રી જયરાજસિંહ સરવૈયા, શ્રી સૂર્યસિંહ ડાભી, શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા અને આગેવાનો, નાગરિકોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગણેશોત્સવના શુભારંભ પ્રસંગે ગાંધીનગરની વિવિધ શાળાઓના ૩૦૦થી વધુ બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય પ્રસ્તુતિ કરી હતી.

ગાંધીનગરમાં આગામી તારીખ ૩૦મી ઓગસ્ટ સુધી સાર્વજનિક ગણેશોત્સવ અંતર્ગત દરરોજ રાત્રે ૮.૩૦ વાગ્યાથી સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે વિવિધ સાસ્કૃતિક કાયક્રમો યોજાશે. તા. ૩૧મી ઓગસ્ટે બપોરે ૩.૦૦ વાગ્યે શોભાયાત્રા નિકળશે અને શ્રીજીની મૂર્તિનું વિધિવત્ વિસર્જન થશે.

## ડાયરેક્ટ ❤ સે

આંસૂને પી ગયો છું
મને ખ્યાલ પણ નથી
એક રણ તરી ગયો છું
મને ખ્યાલ પણ નથી
-હરીન્દ્ર દવે

## જન્મદિને વધામણી



ગણપતભાઈ કે જોષી
બ્યુરો ચીફ, બનાસકાંઠા
ગાંધીનગર સમાચાર
ડિરેક્ટર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
મો. ૯૩૭૫૦ ૭૬૦૭૧



ભગદેવ ભટ્ટ
મો. ૯૪૨૯૮ ૯૧૬૨૯

## સ્વાઈન ફ્લુથી સંરક્ષણ અર્થે પ્રેરણા વિદ્યાલય ખાતે સોમવારે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૬

આવકાર ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પ્રેરણા વિદ્યાલય ખાતે સ્વાઈન ફ્લુ સામે રક્ષણ મેળવવા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨૮મી ઑગષ્ટ ને સોમવારના રોજ સવારે ૮.૩૦થી ૯.૩૦ દરમિયાન આ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પ્રેરણા વિદ્યાલય દ્વારા કરવામાં આવશે. શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત વસાહતીઓને પણ આ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવશે.

આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા સૌ વસાહતીઓને રોગપ્રતિકારક અને શક્તિવર્ધક એવા આ આયુર્વેદિક ઉકાળાનો લાભ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# એસ. કે. પટેલ કે. જી. સ્કૂલમાં ‘રેડ ડે’ ઉજવવામાં આવ્યો



ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ કે. જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં શનિવારે બાળકોને રેડ કલરથી માહિતગાર કરવાના હેતુસર ‘રેડ ડે’ની ઉજવણી થઈ હતી. વાલીઓએ પોતાનાં બાળકોને રેડ કલરનાં વસ્ત્રો પરિધાન કરાવી, વોટરબેગ, સ્કૂલબેગ, પણ રેડ કલરની મોકલાવી હતી.

શિક્ષિકાઓએ બાળકોને રેડ કલરના વિવિધ શેડ વિષે જાણકારી આપી ડ્રોઈંગની પ્રવૃતિ પણ કરાવી હતી. શાળાપરિવારે પણ રેડ વસ્ત્રો પરિધાન કરીને ઉત્સાહથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વાલીમિત્રોએ આ અનોખા કાર્યક્રમને સહયોગ આપ્યો હતો.



ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન ઍમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજના વિમેન ડૅવલપમૅન્ટ સૅલ અને રંગ-કલા-કૌશલ્ય ધારા અંતર્ગત તાજેતરમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજની વિદ્યાર્થીનીઓએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને અનિતા આર ઠાકોર, દ્વિતિય સ્થાને રીયા ઍમ પટેલ, તૃતિય સ્થાને છાયા પી પટેલ વિજયી બન્યાં હતાં. નિર્ણાયક તરીકે પ્રા. વર્ષાબેન બ્રહ્મભટ્ટ અને ડૉ. સંગીતાબેન આચાર્યએ પોતાની સેવાઓ આપી હતી. વિમેન ડૅવલપમૅન્ટ સૅલનાં સંયોજક ડૉ. સંગીતાબેન આચાર્ય અને રંગ-કલા-કૌશલ્ય ધારાના સંયોજક ડૉ. મનસુખ પટોલિયાએ પ્રા. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# કન્યા બાલમંદિર દ્વારા ગણેશ ચતુર્થીની ઉજવણી



શ્રી વી ઍમ કુમાર અને શ્રીમતી ઍચ વી કન્યા બાલમંદિર ખાતે ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ માથે કેસરી પટ્ટી બાંધીને આ ઉજવણીમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. એમણે ‘ગણપતિ બાપા મોરિયા’ના નાદથી સમગ્ર પરિસર ગજવી દીધું હતું. સુપરવાઈઝર મીનાક્ષીબેન દ્વારા ગણેશચતુર્થીનું મહત્ત્વ અને તેની ઉજવણી વિશે વિશદ માહિતી બાળકોને આપી હતી. ગણેશજીના માધ્યમ દ્વારા બાળકોને માતા-પિતાની સેવા કરવાનો બોધ આ પ્રસંગે આપવામાં આવ્યો હતો. બાળકોએ શિવ પરિવારની વેશભૂષા ધરીને સુંદર દશ્યોનું સર્જન કર્યું હતું. સંયોજક કિરણબેન અને સુપરવાઈઝર મીનાક્ષીબેનના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# નવસારી કૉલેજ ખાતે અભિલેખાગાર અને ઈતિહાસ વિષયે પરિસંવાદ

ગાંધીનગર, તા. ૨૬

ઍસ વી ગાર્ડી કૉલેજ, નવસારી ખાતે ઈતિહાસના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વાગત પ્રવચન ઈતિહાસ વિભાગના વડા ડૉ. અંબુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ‘અભિલેખાગાર અને ઈતિહાસ’ વિષયે ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતું, ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી શાહે રસપ્રદ અને માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. ઈતિહાસની સાથોસાથ રાષ્ટ્રીય અભિલેખાગાર, ગુજરાત રાજ્ય અભિલેખાગાર, સંશોધન ક્ષેત્રે દફ્તરોની ઉપયોગિતા, પ્રકાશનો, ઓરલ હિસ્ટ્રી બાબતે તેમણે વિદ્યાર્થીઓને વિગતે સમજ આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા સવાલનો તેમણે સંતોષકારક જવાબો પણ પાઠવ્યા હતા. પ્રિન્સિપાલ ડૉ. ધરમવીર ગુર્જર દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

## ઍમ બી પટેલ સ્કૂલ તાલુકા કબડ્ડીમાં ઝળકી

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ તાજેતરમાં આયોજિત તાલુકા કક્ષાની કબડ્ડી તથા ખો-ખો સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા બની છે. વ્યાયામ શિક્ષક દક્ષાબેન પટેલે વિદ્યાર્થીનીઓને સ્પર્ધા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય નીરૂબેન પટેલે શાળા પરિવાર વતી વિજેતા ખેલાડીઓને અભિનંદન આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

## ડેઈલી કરંટ



દર્શન મારૂ
95862 87447

(૧) તાજેતરમાં ચીનના ગુઆંગદોંગ પ્રાંતમાં ક્યાભીષણ તોફાનના કારણે અસંખ્ય લોકો મોતને ભેટ્યા હતા ?
(એ) હાતો
(બી) હોબો
(સી) ફેબો
(ડી) ઉપર પૈકી એકપણ નહીં

(૨) ૨૦૧૭માં અમેરિકાની સેનાએ કયા દેશમાં ‘રાડાર’ સિસ્ટમ નાખવાની યોજના બનાવી છે ?
(એ) ક્યૂબા (બી) વેનેજુએલા
(સી) ફિઝી (ડી) પલાઉ

(૩) પ્રિન્ટ મીડિયામાં જાહેરાત માટે કેટલા ટકા જીએસટી લાગુ કરવામાં આવ્યો છે ?
(એ) ૫ ટકા (બી) ૧૦ ટકા
(સી) ૧૨ ટકા (ડી) ૧૮ ટકા

(૪) શિવ સુંદર દાસને કયા રાજ્યની રણજી ટીમના કોચ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે ?
(એ) ગુજરાત (બી) બંગાળ
(સી) ઓડિસા (ડી) કેરલ

(૫) તાજેતરમાં બીડબલ્યુએફ વિશ્વ રેન્કિંગમાં કયું સ્થાન આપવામાં આવ્યું છે ?
(એ) ૧ (બી) ૨
(સી) ૩ (ડી) ૪

(૬) ૨૦૧૭માં મહિલા હોર્સ રેસિંગ ચેમ્પિયનશીપમાં કોણે ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(એ) લીના ડે (બી) ગિના શુમાકર
(સી) ચેલ્સિયા ડાવિંગ (ડી) ઍંજલિના હોકીંગ

(૭) ૨૦૧૭માં ભારત અને નેપાળ વચ્ચે કેટલી સમજૂતીઓ પર કરાર કરવામાં આવ્યા હતા ?
(એ) ૬ (બી) ૭
(સી) ૮ (ડી) ૯

(૮) તાજેતરમાં કયા શહેરની સીબીઆઈ કૉર્ટે ગુરમીત રામ રહિમને દોષિત જાહેર કર્યા છે ?
(એ) પંચકુલા (બી) પંચવટી
(સી) અંબાલા (ડી) સિરસા

(૯) ૨૦૧૭માં ભારતીય મહિલા હોકી ટીમની કમાન કઈ ખેલાડીને આપવામાં આવી છે ?
(એ) પ્રિયા રાની (બી) પૂર્ણિમા રાની
(સી) પૂજા રાની (ડી) પૂનમ રાની

(૧૦) કઈ સ્માર્ટ મોબાઈલ ફોન કંપનીના ઉત્તરાધિકારીને દક્ષિણ કોરિયાની કોર્ટે જેલની સજા ફટકારી છે ?
(એ) ઓપ્પો (બી) સેમસંગ
(સી) સેગમ (ડી) સેનસુઈ

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શાળાઓમાં ગણપતિ





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની સુનોક, ખારી, બુઠેલી, બુધરાસણ, અંબાબાર વગેરે ૧૦ શાળાઓમાં ગણપતિની મૂર્તિની ભેટ ધરવામાં આવી હતી. સંસ્થા તરફથી પ્રજ્ઞાબેન પટેલ અને કિશોર જીકાદરાના હસ્તે પ્રિન્સિપાલને આ મૂર્તિ સુપ્રત કરવામાં આવી હતી. આ ઉપરાંત એ પી ઠાકાર કન્યા વિદ્યાલયમાં ૨૮૦ વિદ્યાર્થીનીઓ સાથે આ બંને લેખકોએ વાતચીત કરી હતી અને બે શાળાઓમાં નવાં કપડાંની ભેટ પણ ધરી હતી. વિદ્યાર્થીઓને પૅન્સિલ, બૉલપૅન, નાસ્તો અને બિસ્કીટનાં પૅકેટ્સનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સુનોકમાં ૭૦ વૃધ્ધોને અને ખારીમાં ૬૮ વૃધ્ધોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી મિલિન્દભાઈ, ભીમજીભાઈ, યોગેશભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.